# સુરતમાં હત્યાના આરોપીને PIએ પગમાં ગોળી મારી

**કિશોરની** હત્યાના આરોપીને પકડવા જતાં કોન્સ્ટેબલ પર ચપ્પુથી હુમલો કર્યો હતો

સુરત : સુરતમાં ચાર દિવસમાં 'હાફ એન્કાઉન્ટર'ની બીજી ઘટના સામે આવી છે. લિંબાયત વિસ્તારમાં ગત 10 મેની રાત્રિએ નજીવી બાબતે થયેલી બોલાચાલીમાં રાહુલ જોગી નામના શખસે 17 વર્ષીય અનુરાગ ઉર્ફે રાજ પવારની ચપ્પુના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી હતી. ફરાર આરોપી રાહુલ જોગીને પકડવા માટે લિંબાયત પોલીસે અલગ-અલગ ટીમો બનાવી કામે લગાડી હતી. આ દરમિયાન, પોલીસને બાતમી મળી હતી કે, આરોપી મીઠીખાડી વિસ્તારમાં છુપાયેલો છે. જ્યારે પોલીસ રાહુલને પકડવા પહોંચી ત્યારે ધરપકડથી બચવા માટે આરોપી રાહુલે પોલીસ જવાનો પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. પરિસ્થિતિ વણસતા લિંબાયત પોલીસ ઇન્સ્પેક્ટર ડી. ડી. ચૌહાણે ત્વરિત સ્વબચાવમાં પોતાની સર્વિસ રિવોલ્વરથી 2 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેમાં એક ગોળી આરોપીના જમણા પગમાં વાગતા ફસડાઈ પડ્યો હતો. પોલીસે તાત્કાલિક આરોપીને દબોચી સારવાર માટે નવી સિવિલ ખસેડ્યો હતો. રાહુલ જોગીને લઈને જ્યારે પોલીસ હોસ્પિટલ પહોંચી ત્યારે તે કણસી રહ્યો હતો. સારવાર દરમિયાન પણ દર્દમાં 'ફરી આવું ન કરવાનું' કહી બુમો પાડી રહ્યો હતો. સમગ્ર ઘટના અંગે પીઆઈ ડી. ડી. ચૌહાણના જણાવ્યા મુજબ, ગઈકાલે રાત્રે 9થી 9:30 વાગ્યાની આસપાસ લિંબાયત પોલીસને એક ટેલિફોનિક વર્ધી મળી હતી કે 17 વર્ષીય અનુરાગ ઉર્ફે રાજ પવાર પોતાના મિત્ર સાથે બાઈક પર મોબાઈલ દુકાનનું પેમેન્ટ લેવા જઈ રહ્યો હતો.

આ દરમિયાન ગણેશ નગર પાસે આરોપી રાહુલ જોગીની બાઈક સાથે ટક્કર થતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ઉશ્કેરાયેલા આરોપીએ પોતાની પાસે રહેલા ચપ્પુના ઘા અનુરાગની છાતીમાં ઝીંકી દીધા હતા, જેના કારણે તેનું કરુણ મોત નીપજ્યું હતું. હત્યા બાદ ફરાર થયેલા આરોપીને પકડવા માટે લિંબાયત પોલીસની ટીમો કાર્યરત હતી. વહેલી સવારે (5થી 6 વાગ્યાના ગાળામાં) બાતમી મળી હતી કે આરોપી મીઠી ખાડી વિસ્તારમાં એક ટાંકી પાસે છુપાયેલો છે. જ્યારે પોલીસ તેને પકડવા પહોંચી ત્યારે આરોપીએ પોલીસ કોન્સ્ટેબલ મુકેશ બાગુલ પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા અને સ્વબચાવમાં લિંબાયત પી.આઇ. ડી.ડી. ચૌહાણે પોતાની સર્વિસ રિવોલ્વરથી બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

### આરોપી અને કોન્સ્ટેબલ સારવાર હેઠળ

પોલીસના ફાયરિંગમાં એક ગોળી આરોપી રાહુલના જમણા પગમાં વાગતા તે ફસડાઈ પડ્યો હતો. પોલીસે તાત્કાલિક આરોપીને નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. બીજી તરફ, આરોપીના હુમલામાં ઘાયલ થયેલા કોન્સ્ટેબલ મુકેશ બાગુલને સારવાર માટે ગોડાદરાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. લિંબાયત વિસ્તારમાં મીઠીખાડી નજીક આવેલી પાણીની ટાંકી પાસેની એક અવાવરું જગ્યાએ આરોપી સંતાઈને બેઠો હતો. લિંબાયત પોલીસની ટીમ સ્થળે પહોંચી ત્યારે આરોપીએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પકડવા ગયેલા હેડ કોન્સ્ટેબલ પર અચાનક ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી દીધો હતો.

### રાહુલ સામે લૂંટ-ચોરી, મારામારી સહિતના 17 જેટલા ગુના નોંધાયેલા

સુરતના લિંબાયત વિસ્તારમાં રહેતો અને ગોડાદરા નહેર પાસે રહેઠાણ ધરાવતો રાહુલકુમાર સંજયનાથ જોગી (ઉ.વ. 28) શહેર પોલીસ માટે માથાનો દુખાવો બન્યો છે. આ શખ્સ સામે લૂંટ, ચેઈન સ્નેચિંગ, મારામારી અને પ્રોહિબિશન સહિતના ગંભીર ગુનાઓનો લાંબો ઈતિહાસ છે. વર્ષ 2016માં નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં લૂંટના ગુનાથી શરૂ થયેલી તેની ગુનાહિત પ્રવૃત્તિઓ 2026 સુધી સતત ચાલુ રહી છે. રાહુલ સામે અત્યાર સુધીમાં કાપોદ્રા, કતારગામ, પુણા, સચીન, ઉધના અને સલાબતપુરા જેવા શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં કુલ 17 જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે, જેમાં પ્રોહિબિશન એક્ટ અને જી.પી. એક્ટના ઉલ્લંઘનનો પણ સમાવેશ થાય છે.

# મનાલીમાં અકસ્માતમાં ભાવનગરના છનાં મોત

**સિંધી** પરિવારની કાર ચંબા- નૂરપુર નેશનલ હાઇવે પર ખાબકી

રાજકોટ : ભાવનગરથી મનાલી ફરવા ગયેલા સિંધી સમાજના 9 લોકો સાથે કાર હિમાચલ પ્રદેશના ચંબા-નૂરપુરના નેશનલ હાઈવે પરની ખાઈમાં ખાબકી હતી. જેમાં હિમાચલના એક ડ્રાઈવર અને ગુજરાતના 5 લોકોનાં મોત થયા છે. એક જ પરિવારના દીકરી-જમાઈ અને ભાણેજ સાથે દંપતીનું મોત થયું છે.

જ્યારે પોલીસે 4 લોકોને ખાઈમાંથી સલામત રીતે બહાર કાઢીને ચંબા જિલ્લાના ટાંડાની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા છે. જેમાં મોતને ભેટેલા ગુજરાતી પરિવારનો અંતિમ વીડિયો સામે આવ્યો છે. જેમાં યોગાનુયોગ તેઓ બાયબાય કરતા જોવા મળી રહ્યા છે. તેમને ક્યાં ખબર હતી કે તેઓ ખરેખરમાં દુનિયાને અલવિદા કહી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આજે વહેલી સવારે 3.30થી 4 વાગ્યા દરમિયાન ઈનોવા ક્રિસ્ટા કારમાં ગુજરાતી પરિવાર મનાલીથી ડેલહાઉસી તરફ પ્રવાસે નીકળ્યો હતો, ત્યારે ચંબા નજીકના હાઈવે પર તેમની કાર અચાનક નિયંત્રણ ગુમાવી ઊંડી ખાઈમાં ખાબકી ગઈ હતી. વાહનમાં ડ્રાઈવર, બાળકો સહિત કુલ 10 લોકો મુસાફરી કરી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસે કેસ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

ચંબાના SP વિજય કુમાર સકલાનીએ જણાવ્યું હતું કે, અકસ્માતમાં ગુજરાતના 5 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે 4ને માથામાં ઈજા થઈ હતી. છઠ્ઠા મૃતકની ઓળખ જસવંત કુમાર (51) તરીકે થઈ હતી, જે મંડી જિલ્લાના જોગીન્દરનગર તહસીલના કોહરા ગામના રહેવાસી હતા. તે પ્રવાસીઓને લઈ જતી કારના ડ્રાઈવર હતા. તેને વધુમા કહ્યું કે, પોલીસે ખાઈમાંથી તમામ મૃતદેહો બહાર કાઢ્યા હતા અને તેમને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. વરસાદને કારણે માટી લપસણી થઈ શકે તેથી, એવી શક્યતા છે કે ભારે વરસાદ દરમિયાન ઈનોવા ક્રિસ્ટા કારે કાબુ ગુમાવ્યો અને ખાઈમાં પડી ગયાનું અનુમાન છે. પોલીસે મૃતકો અને ઘાયલોના પરિવારજનોને પણ જાણ કરી છે. પીએમ બાદ મૃતદેહોને પરિવારને સોંપવામાં આવશે.

કમલેશ ચંદાણીએ જણાવ્યું હતું કે, પ્રશાસન દ્વારા પોસ્ટમોર્ટમ કરવાની જે કાનૂની કાર્યવાહી છે, તે હાથ ધરવામાં આવી છે. અમારા સમાજ અને પરિવારે એવો નિર્ણય લીધો છે કે ત્યાં જ અંતિમ સંસ્કાર થવા જોઈએ, જેથી કે મૃતદેહને લઈને 1700 કિલોમીટરની યાત્રા ના કરવી પડે. તો તેને લઈને અત્યારે ભાવનગરનું એક પ્રતિનિધિમંડળ અમારા સમાજનું ત્યાં પહોંચી ગયું છે. રસ્તામાં જ છે, સાંજ સુધીમાં પહોંચી જશે.

# GSTની ચોરી પકડતી DGGI ઓફિસના રેકોર્ડ રૂમમાં આગ

**મહત્વના** દસ્તાવેજો ખાખ; સુરતમાં વ્હાઈટ હાઉસના ચોથા માળે આગથી દોડધામ



સુરત શહેરના વીઆઈપી રોડ પર આવેલી ડાયરેક્ટર જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ (DGGI)ની ઓફિસમાં આજે(11 મે) સવારે અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. આગ ઓફિસના ચોથા માળે આવેલા રેકોર્ડ રૂમમાં લાગી હોવાથી ટેક્સ ચોરીને લગતા અનેક મહત્વના દસ્તાવેજો અને ફાઈલો બળીને ખાખ થઈ ગયા હોવાની આશંકા છે. ફાયર વિભાગે ભારે જહેમત બાદ બે કલાકે આગ પર કાબૂ મેળવ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે, વેસુ વીઆઈપી રોડ પર આવેલા વ્હાઈટ હાઉસ બિલ્ડિંગના ચોથા માળે DGGIની ઓફિસ આવેલી છે. સોમવારે સવારે 9:21 કલાકે જ્યારે ઓફિસ શરૂ થવાની તૈયારીમાં હતી, ત્યારે રેકોર્ડ રૂમમાંથી ધુમાડાના ગોટા નીકળતા જોવા મળ્યા હતા. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાને પગલે બિલ્ડિંગમાં રહેલા કર્મચારીઓ અને લોકો જીવ બચાવવા નીચે દોડી આવ્યા હતા.

આગની જાણ થતા જ સુરત મહાનગરપાલિકાના વેસુ ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર રોહિત ખલાસી સહિત ત્રણ ફાયર સ્ટેશનની 6થી વધુ ગાડી અને ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બે કલાક સુધી ચાલેલા ઓપરેશન બાદ ફાયર વિભાગે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. ધુમાડો વધુ હોવાથી ઓક્સિજન માસ્ક પહેરી કામગીરી કરી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી, પરંતુ રેકોર્ડ રૂમમાં રહેલી ફાઈલોને આગ અને પાણીના કારણે વ્યાપક નુકસાન થયું છે.

### મહત્વના દસ્તાવેજો અને ફાઈલો બળીને ખાખ

DGGI વિભાગ મુખ્યત્વે મોટા પાયે થતી GSTની કરચોરી પકડવાનું કામ કરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જે રેકોર્ડ રૂમમાં આગ લાગી ત્યાં કરચોરીના અનેક સંવેદનશીલ કેસોના પુરાવા, ફાઈલો અને જપ્ત કરેલા દસ્તાવેજો રાખવામાં આવ્યા હતા. આગને કારણે આ પેપરવર્ક અને ફાઈલો બળી ગઈ છે, જેના કારણે આગામી તપાસમાં અડચણ આવી શકે છે.

### શોર્ટ સર્કિટ કે અન્ય કારણ? તપાસ શરૂ

આગ લાગવાનું પ્રાથમિક કારણ અગમ્ય જણાવાયું છે, જોકે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. GST જોઈન્ટ કમિશનર ગુરુશ મથારુ અને ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હાલમાં ફાયર વિભાગ અને પોલીસ દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણો જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

# અમદાવાદની સ્કૂલોને બોમ્બની ધમકી આપનાર ઝડપાયો

**અમદાવાદના** ભાવેશ પટેલે એરપોર્ટ ઉડાવવાની પણ ધમકી આપી હતી

અમદાવાદ : અમદાવાદ શહેરમાં ગુજસેલ એરપોર્ટ અને જુદી જુદી શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર આરોપીને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની સાઈબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી તેની વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગઈ 25મી માર્ચ 2026 ના રોજ એરપોર્ટ ઓથોરિટીને એક ધમકી ભર્યો ઈમેલ મળ્યો હતો. જેમાં લખ્યું હતું કે જો અગાઉ પકડાયેલા આરોપી સૌરભ વિશ્વાસને મુક્ત કરવામાં નહીં આવે તો ગુજસેલ એરપોર્ટ અને શાળાઓમાં બોમ્બ વિસ્ફોટ કરવામાં આવશે.

આ ધમકીભર્યા ઈમેલને પગલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સાઈબર સેલના ડીસીપી ડો. લવિના સિન્હાના માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરતા આ ધમકીભર્યો ઈમેલ bhavesh4518@gmail.com વાળા ઈમેલ પરથી આવ્યો હોવાની માહિતી મળતા ઈમેલ કરનાર આરોપી ભાવેશ અમૃતભાઈ પટેલ ઉં.વ. 40 રહે, ન્યુ પુષ્પક સોસાયટી હાસોલ, સરદારનગર, અમદાવાદની ધરપકડ કરવામાં આવી છે.

ભાવેશ પટેલ કન્સ્ટ્રક્શનના વ્યવસાયમાં જોડાયેલો છે. ભાવેશ તેના મિત્રની કંપની સાથે મળી ગુજસેલ એરપોર્ટ પર યોજાતા વિવિધ કાર્યક્રમોમાં ઈવેન્ટ મેનેજમેન્ટનું પણ કામ કરે છે. ભાવેશે આ કૃત્ય પોતાની જાતે કર્યું છે કે કોઈ અન્યની ઉશ્કેરનીથી કે પછી ભાવેશનો ઈમેલ આઈડીનો ઉપયોગ કરી અન્ય કોઈએ આ ઈમેલ કર્યો છે કે, કેમ તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ગુજરાત ઉપર આભમાંથી અગનવર્ષા

# કંડલા એરપોર્ટ પર ૪૫.૨ ડિગ્રી તાપમાન

**આગામી** ચાર દિવસ સુધી તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળો હવે તેના રૌદ્ર સ્વરૂપમાં આવી ગયો છે. રાજ્યના અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૪ થી ૪૫ ડિગ્રીને પાર કરી જતાં જનજીવન કાળઝાળ ગરમીમાં શેકાઈ રહ્યું છે. હવામાન વિભાગના આંકડા અનુસાર, કંડલા એરપોર્ટ ૪૫.૨ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ સ્થળ નોંધાયું છે, જ્યારે સુરેન્દ્રનગરમાં પણ ૪૫ ડિગ્રી તાપમાનને કારણે હાહાકાર મચી ગયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ અમરેલી, રાજકોટ, કેશોદ અને વડોદરામાં 44 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદ, ગાંધીનગર, ડીસા અને ભૂજમાં 43 ડિગ્રી સુધી પારો પહોંચ્યો હતો. સુરત અને વલ્લભ વિદ્યાનગરમાં 42 ડિગ્રી, ભાવનગરમાં 41 ડિગ્રી અને દમણમાં 38 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.છેલ્લા 24 કલાક દરમિયાન સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દમણ-દીવ વિસ્તારમાં વાતાવરણ શુષ્ક રહ્યું હતું.

દક્ષિણ ગુજરાતના સુરત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, પોરબંદર, કેશોદ અને કંડલા એરપોર્ટ વિસ્તારમાં હીટવેવની અસર જોવા મળી હતી. હવામાન વિભાગ અનુસાર રાજ્યના અનેક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં 3 થી 5 ડિગ્રી વધુ નોંધાઈ રહ્યું છે.

હવામાન વિભાગે આગામી 12 થી 15 મે દરમિયાન ગરમ અને ભેજવાળા વાતાવરણની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી ૧૨, ૧૩ અને ૧૪ મે માટે સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારો, ખાસ કરીને સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં હિટવેવનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, આણંદ, રાજકોટ, અમરેલી અને બોટાદમાં પણ હીટવેવની પ્રબળ શક્યતા છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીની આસપાસ રહેવાની ધારણા છે.

દક્ષિણ ગુજરાતના સુરત અને વડોદરા જેવા જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળા પવનોને કારણે મુસાફરો અને સામાન્ય જનતા માટે 'ડિસ્કમ્ફર્ટ' (અકળામણ) જેવી સ્થિતિ સર્જાશે. સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, દ્વારકા અને બોટાદ જિલ્લામાં પણ આગામી દિવસોમાં હીટવેવની સ્થિતિ યથાવત્ રહેવાની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આગામી 24 કલાક દરમિયાન આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન 44 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ કહ્યું હતું કે આગામી ચાર દિવસ સુધી તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, ત્યારબાદ 2 થી 4 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

બીજી તરફ, 20 મે બાદ બંગાળની ખાડી અને આંદામાન-નિકોબાર વિસ્તારમાં ચોમાસાના આગમન માટે અનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી હોવાનું પણ હવામાન નિષ્ણાતોએ જણાવ્યું છે.ગરમીના આ પ્રકોપ વચ્ચે રાહતના સમાચાર એ છે કે ચોમાસું બેસવા માટેની સ્થિતિ સાનુકૂળ બની રહી છે. બંગાળની ખાડી અને આંદામાન-નિકોબાર ટાપુઓ પર ૨૦ થી ૩૦ મે દરમિયાન ચોમાસું દસ્તક આપી શકે છે. વિવિધ વેધર મોડેલ્સના આંકલન મુજબ , મે મહિનાના અંત સુધીમાં અરબી સમુદ્રમાં ચોમાસાનું પરિભ્રમણ સ્થિર થશે, જે સૂચવે છે કે આ વર્ષે ચોમાસું સમયસર શરૂ થઈ શકે છે.


## ડિંડોલીમાં જરીના કારખાનેદારે ખાતામાં જ ફાંસો ખાઈ લીધો

સુરતઃ ડિંડોલીમાં જરીના કારખાનેદારે ખાતામાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આજે બપોરે ખાતે આવેલા કારખાનેદારે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ હતી. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશ જોનપુરના વતની ચંદ્રભાન હરિનાથ સરોજ (29 વર્ષ) હાલ ડીંડોલી વિસ્તારમાં આવેલ માનસી રેસીડેન્સીમાં બહેન સાથે રહેતો હતો. તેનો પરિવાર વતન ખાતે રહે છે. ચંદ્રભાન ઉધના રોડ નંબર-2 ઉપર આવેલ હરિઓમ ઈન્ડસ્ટ્રીઝમાં જરીનું કારખાનું ચલાવતો હતો. સોમવારે ચંદ્રભાન રાબેતા મુજબ પોતાના કારખાના પર આવ્યો હતો. દરમિયાન બપોરના સમયે તેએ ગ્રાઉન્ડ ફ્લોર પર પંખા સાથે કપડું બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી હતી. તેણે કયા કારણસર આત્મહત્યા કરી તેની તપાસ પોલીસ કરી રહી છે.

## સુડોકુ ૬૫૨૦ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | | | ૪ | ૨ | ૮ | ૩ | |
| ૬ | ૩ | ૪ | ૯ | ૮ | ૧ | ૭ | ૨ | |
| ૭ | ૮ | ૨ | | ૬ | | | | |
| ૫ | ૪ | ૭ | | | ૮ | | | |
| | ૧ | ૯ | ૨ | ૩ | ૬ | | | ૭ |
| ૩ | ૨ | ૬ | ૫ | | ૪ | ૯ | ૮ | ૧ |
| | | ૮ | | | ૩ | | | ૨ |
| ૯ | ૫ | | | | ૭ | | | |
| ૨ | ૬ | ૧ | | | | | ૭ | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ચક્કર આવવા

શરદી, ખાંસી જુના થાય ત્યારે, સતત પવન લાગે કે અમાનુષી અવાજ નું આક્રમણ થાય તો મધ્યકર્ણ મા સોજો આવે છે. ચક્કર, કર્ણનાદ પણ થાય. સારીવાદી વટી ની બે, બે ગોળી રોજ ત્રણ વાર, ત્રિભુવન કીર્તિ ગોળી બે, બે ત્રણ વાર લેવી.

## એલ.એચ રોડ પર આર્થિક સંકડામણમાં યુવકે ફાંસો ખાધો

સુરતઃ એલ.એચ રોડમાં આર્થિક સંકડામણમાં યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની ચમન વિનોદભાઈ પૂર્ણામિ (18 વર્ષ) હાલ લંબે હનુમાન રોડ પર આવેલ કમલ પાર્ક સોસાયટીમાં રહેતો હતો. તે હીરાની ઓફિસમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રવિવારે સાંજે ચમને ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. તેએ આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી સુરતમાં આપઘાતના બનાવોમાં ગંભીર વધારો નોંધાયો છે.

# મહેસાણામાં વસ્તી ગણતરીને લઈને શિક્ષકોમાં રોષની લાગણી

**ઉનાળું** વેકેશન દરમિયાન કામ સોંપવામાં નહીં આવે તેવી માંગ

ગાંધીનગર : મહેસાણા જિલ્લોમાં વસ્તી ગણતરી અને અભ્યાસ છોડી ગયેલા બાળકોના સર્વેની કામગીરીને લઈને શિક્ષકોમાં વિવાદ ઊભો થયો છે.

મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા જિલ્લા વસ્તી ગણતરી અધિકારી અને નિવાસી અધિક કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉનાળાની અસહ્ય ગરમીમાં આ કામગીરી ન સોપવા, જૂન મહિનામાં શાળાઓ ફરી શરૂ થાય ત્યારબાદ શાળાના સમય સિવાય સર્વેનું કામ સોંપવામાં આવે તેવી રજુઆત કરી છે.

શિક્ષક સંઘના જણાવ્યા મુજબ, કામગીરીની વહેંચણીમાં અનેક વિસંગતતાઓ જોવા મળી રહી છે. સંઘનો આરોપ છે કે ઊંચો ગ્રેડ પે અને લાંબા અનુભવ ધરાવતા સિનિયર શિક્ષકો તેમજ આચાર્યોને સામાન્ય જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે નવા જોડાયેલા શિક્ષકો અને નાના કર્મચારીઓને 'સુપરવાઈઝર' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉલટા પદાનુક્રમને કારણે શિક્ષકોમાં અસંતોષ અને માનસિક રોષ ફેલાયો હોવાનું જણાવાયું છે.

આ ઉપરાંત નિવૃત્તિની નજીક આવેલા શિક્ષકોને પણ ફિલ્ડ વર્ક સોંપવામાં આવતા સંઘે તેમને આ કામગીરીમાંથી મુક્તિ આપવાની માંગ કરી છે. હાલ ચાલી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે ધોરણ 9 અને 10માં અભ્યાસ છોડી ગયેલા વિદ્યાર્થીઓને ઘરે-ઘરે જઈને શોધવાની કામગીરી અત્યંત મુશ્કેલ બની રહી હોવાનું શિક્ષકોએ રજૂઆતમાં જણાવ્યું છે.

શિક્ષક સંઘે માંગ કરી છે કે ઉનાળુ વેકેશન દરમિયાન આ કામગીરી કરાવવાને બદલે જૂન મહિનામાં શાળાઓ ફરી શરૂ થાય ત્યારબાદ શાળાના સમય સિવાય સર્વેનું કામ સોંપવામાં આવે.

## શબ્દગુંફન - ૭૨૧૮

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. વધુ બળવાન (૪)
૪. મળતાવડું (૫)
૭. તાકાત (૩)
૯. સરખાપણું (૩)
૧૧. મુખ, ચહેરો (૩)
૧૩. નાજુકાઈ (૪)
૧૬. અવાજ (૨)
૧૮. શ્વાસ (૨)
૨૦. રૂપાનું (૩)
૨૨. કિંમત, મૂલ્ય (૨)
૨૩. ફળો વગેરેનું પ્રવાહી (૨)
૨૪. પડતી (૩)
૨૬. નકામું, બાદ કરેલું (૨)
૩૪. લગની, લગ્ન (૩)
૩૫. મીઠું (૩)
૩૬. વિષ, ઝેર (૨)
૩૭. સોગન (૩)

**ઊભી ચાવી**

૨. લીલા રંગનું એક રત્ન (૩)
૩. ખેતર કે ગામની હદ (૨)
૪. યંત્રથી ચાલતું કારખાનું (૨)
૫. રોકડું (૩)
૬.ખુશી, હરખ (૨)
૮. નિકાસ, જાવરો (૩)
૯. દિલગીરી સાથે (૩)
૧૦. ધૂન, મસ્તી (૨)
૧૨. પુરુષ (૨)
૧૪. જીવ, પ્રાણ (૨)
૧૫. પાણી પીવાની ઇચ્છા (૩)
૧૭. ભાર, દબાણ (૩)
૧૯. સહાયક (૫)
૨૧. તપસ્યા (૨)
૨૩. નસ, રક્તવાહિની (૨)
૨૫.શરીર,દેહ(૨)
૨૭. નવ લાખનાં મૂલ્ય (૪)
૨૮. યજ્ઞ (૨)
૩૦. જન્મ આપનાર(૩)
૩૧. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૩૨. સિંહની ગર્જના (૩)
૩૩. જંગલ (૨)



# મોરા તળાવમાં ફરી માછલીઓના મોતથી ચકચાર

**ગટરનું** પ્રદૂષિત પાણી છોડાતા તળાવમાં મૃત માછલીઓના ઢગલા

**ગ્રામવાસીઓની** આ ઘટના પાછળ તપાસની માંગ ઉગ્ર બની રહી છે



સુરતઃ સુરત જિલ્લાના મોરા ગામ ખાતે આવેલા તળાવમાં ફરી એક વખત અસંખ્ય માછલીઓના મોતની ઘટના સામે આવતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં તળાવની સપાટી પર મોટી સંખ્યામાં મૃત માછલીઓ તરતી જોવા મળી રહી છે, જેના કારણે પર્યાવરણ અને જળ પ્રદૂષણને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ મોરા ગામના તળાવમાં આ પ્રકારની ઘટના પહેલીવાર નથી બની. અગાઉ પણ અનેક વખત તળાવમાં માછલીઓના સામૂહિક મોત નોંધાયા હતા. દર વખતે ગટરનું પ્રદૂષિત પાણી તળાવમાં છોડાતા પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતું હોવાનું માનવામાં આવે છે, જેના કારણે જળચર જીવન પર ગંભીર અસર થાય છે.

આ મામલો અગાઉ એટલો ગંભીર બન્યો હતો કે એનજીટી દ્વારા પણ સંબંધિત તંત્રને ટકોર કરવામાં આવી હતી અને પ્રદૂષણ નિયંત્રણ માટે જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. સ્થાનિકોમાં ચર્ચા ચાલી રહી છે કે અગાઉ મોરા પંચાયત દ્વારા ગટરનું પાણી દામકા વિસ્તારમાં છોડવામાં આવતું હતું, પરંતુ આ વખતે સીધું તળાવમાં પાણી છોડાયું હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે.

જોકે હાલ માછલીઓના મોતનું ચોક્કસ કારણ શું છે તે તપાસ બાદ જ સ્પષ્ટ થશે. સ્થાનિકોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે તળાવની આસપાસ કેટલીક કંપનીઓની કોલોની આવેલી છે. આવી સ્થિતિમાં કોઈ ઔદ્યોગિક કે કેમિકલ યુક્ત પાણી તળાવમાં છોડાયું છે કે નહીં તેની પણ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે. સ્થાનિકોએ તાત્કાલિક પાણીના નમૂનાઓ લઈ વૈજ્ઞાનિક તપાસ કરવાની તેમજ જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## આજનું પંચાંગ

**તા.12/05/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** વૈશાખ
**તિથિઃ** વદ : દસમ : 14:53
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 22
**યોગ :** વૈધૃતિ **કરણઃ** બવ
**નક્ષત્ર :** પૂ. ભા. : 25:18
**રાશિઃ** કુંભ(ગ.સ.શ.ષ.)19:25પછીમીન(દ.ચ.ઝ.થ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:04
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:06
**નવકારસી :** 06:52
**પારસી વર્ષ :** 1395 દએ માસનો પ્રથમ રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 24મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15:00 થી 16:30 સુધી

**મેષ (અ,લ,ઇ,):** મિત્રો સાથે વિવાદથી અશાંતિ વધાશે. વિદ્યાર્થીઓને નવું શિખવા મળે. સંતાનોના પ્રશ્નો સતાવશે.
**વૃષભ (બ,વ,ઉ,):** વેપાર-ધંધામાં અનુકૂળતા રહે. નોકરીમાં નવી જવાબદારીથી કાર્યબોજ વધે. સમાજમાં અશાંતિ.
**મિથુન (ક,છ,ઘ,):** પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું નહીં. વિદેશ પ્રવાસ, કાયદા કાનૂન બાબતે યોગ્ય માર્ગદર્શન મળે.
**કર્ક (ડ,હ,):** વિવાદ ટાળવો. આગ, અકસ્માત, પાણીથી સાવધાન. સરકારી કામમાં કોઇની વાતોમાં આવવું નહીં.
**સિંહ (મ,ટ,):** કોર્ટ,

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

કચેરી, સામાજિક સમસ્યા અને છૂટાછેડાના ઝઘડામાં હેરાનગતિ વધશે. ધીરજ રાખવી.
**કન્યા (પ,ઠ,ણ,):** અચાનક આરોગ્ય અને માતાની સમસ્યાને લઇને ખર્ચા અને દોડધામ વધે. વિવાદ ટાળવો.
**તુલા (ર,ત,):** શેર, સટ્ટા, લોટરી, વાયદામાં યોગ્ય માર્ગદર્શન મળે. પ્રેમમાં ગેરસમજ થાય. મિત્રો સાથે વિવાદ થાય.
**વૃશ્ચિક (ન,ય,):** પ્રતિષ્ઠાને હાનિના યોગ થાય છે. ઘર અને સમાજમાં તાલમેળ રાખવો. મિલકતને લગતાં કામ થાય.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** સાહસિક અને નિડર નિર્ણય લેવાનું બને. ભાઈ-બહેનોના પ્રશ્નો સતાવે. અચાનક નવી તક મળે.
**મકર (ખ,જ,):** ઘર-પરિવાર અને સમાજ વગેરેના પ્રશ્નો અશાંતિ પેદા કરશે. બિનજરૂરી ખર્ચા ટાળવાં.
**કુંભ (ગ,સ,શ,ષ,):** શુભ સમાચાર મળે. જવાબદારી વધે. નોકરીમાં સ્થાનફેરથી દોડધામ વધે મન પર ભાર રહે.
**મીન (દ,ચ,ઝ,થ,):** કોઈની વાતોમાં આવવું નહીં. ક્રોધ પર કાબૂ રાખવો. પ્રવાસમાં સાવધાન સમાજમાં માન વધશે.

### કોઈ પણ સાલમાં 12 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન અને જવાબદારીથી પ્રભાવ વધશે. ધંધા-વ્યવસાયમાં નવી યોજનામાં ગતિ આવે. સમાજમાં પ્રતિષ્ઠા વધે.આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. ઘરમાં નવા ફેરફાર, મોજ શોખનાં સાધનો, વાહન, ખરીદી વગેરેની યોજના પાર પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. નોકરી ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. પણ હરીફોની હેરાનગતિ વધશે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વધારાની આવકની યોજનામાં મિત્રોની મદદ મળે. નવા ઘર, મકાન, જમીન, ઓફિસની યોજના પાર પડે. વારસા, જાયદાદ વગેરેમાં વડીલોનો સાથ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી માર્ચ તથા નવેમ્બર ડિસેમ્બર, ગુરુ-શુક્રવાર, 3, 12,21, 30 તારીખે નવાં કામ કરવાં. સોનેરી રંગનો ઉપયોગ કરતા રહેવું. જૂન જુલાઈ, રવિ-બુધવાર, 2,11, 20, 29 તારીખે નવા કામ ટાળવાં. લાલ અને ભૂરા રંગનો ઉપયોગ ઓછો કરવો.